# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-04-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે.
- ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને અન્ય નેતાઓએ ચૂંટણીપ્રચાર માટે સભાઓ સંબોધી.
- હરિયાણા સરકારે આજે મહેન્દ્રગઢ જીલ્લામાં સ્કૂલબસની થયેલી દુર્ઘટનાના પગલે હરિયાણા રાજયમાં ચાલતી તમામ સ્કૂલબસની ફિટનેસ ટેસ્ટ કરવા જીલ્લા શિક્ષણ અધિકારીઓને આદેશ આપ્યો છે.
- અમેરિકા અને જાપાન હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના આક્રમક અભિગમનો સાથે મળીને સામનો કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે
- દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ- ઉલ- ફિત્રની ઉલ્લાસભેર અને પરંપરાગત રીતે ઉજવણી કરાઈ રહી છે.
- કેનેડાના ટોરંટોમાં ચાલી રહેલી ફિડે કેન્ડીડેટસ ચેસ સ્પર્ધાના પાંચમા રાઉન્ડના અંતે ભારતના દોમારાજુ ગુકેશ અને ઇયાન નેપોમ્નિયાચચી પ્રથમ સ્થાને છે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## Lok Sabha 3RD PHASE

લોકસભાની ત્રીજા તબક્કાની સાતમી મેના રોજ યોજાનારી ગુજરાતની 26 સહિત 94 બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોવાથી અન્ય એક ખાલી પડેલી વિધાનસભા બેઠક વિસાવદર ઉપર પેટાચૂંટણી જાહેર થઇ નથી.

## 3RD PHASE NOTIFICATION-2

લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાતમાં ભાજપે કેન્દ્રીય મંત્રીઓ અને પ્રમુખ નેતાઓના ઉમેદવારી પત્રો ભરવાની તારીખ નક્કી કરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 19 એપ્રિલે ગાંધીનગરથી, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા 15 એપ્રિલે પોરબંદરથી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા 16 એપ્રિલે રાજકોટથી, કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ 16 એપ્રિલે નડિયાદથી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ 18 એપ્રિલે નવસારીથી ઉમેદવારી પત્ર ભરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપે પોતાના 26 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે.
તો આ તરફ રાજ્યમાં કોંગ્રેસે 24 બેઠકો પર ચૂંટણી જંગમાં ઝંપલાવશે.

# election campaign

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના કરૌલીમાં એક ચૂંટણી રેલી દરમિયાન જણાવ્યું હતું કે 2024ની લોકસભા ચૂંટણી એ વિકસીત ભારત અભિયાનને નવી ઉર્જા પ્રદાન કરવા માટેની ચૂંટણી છે. તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં ભાજપે ઘણી સમસ્યાઓનો ઉકેલ લાવી દીધો હોવાનો દાવો કર્યો હતો. શ્રી મોદીએ ભાજપ સરકાર ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે કામ કરી રહી હોવાનું જણાવીને તેમની સરકારે ખેડૂતોના કલ્યાણ માટે લીધેલા પગલાંની વિગતો આપી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથસિંહે મધ્યપ્રદેશમાં મઉગંજ રેવા વિધાનસભા મતવિસ્તારમાં એક જાહેરસભાને સંબોધતાં જણાવ્યું છે કે, ભારત અગાઉ વિશ્વમાં અગિયારમું અર્થતંત્ર હતું. પણ કેન્દ્રની એનડીએ સરકારના કાર્યકાળમાં ભારત હવે વિશ્વનું પાંચમા ક્રમનું અર્થતંત્ર બન્યું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ સિક્કિમની લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો ચૂંટણી ઢંઢેરો આજે ગંગટોકમાં જાહેર કર્યો છે. આ પ્રસંગે તેમણે ભાજપને તક મળે તો સિક્કિમમાં રાજયની પ્રગતિ, શાંતિ અને માળખાકીય વિકાસ માટે સમર્પિત એવી લોકાભિમુખ સરકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આજે રાજસ્થાનના અનુપગઢમાં એક જાહેર રેલીને સંબોધતાં જણાવ્યું હતું કે, દેશ સામે બેરોજગારી અને ફુગાવો આ બે મુખ્ય મુદ્દાઓ છે. જો કે, અન્ય મુદ્દાઓને જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, દેશમાં 30 લાખ સરકારી પદો પર ભરતી બાકી છે. અને જો કોંગ્રેસની સરકાર સત્તા પર આવશે તો સરકારી નોકરીમાં કોન્ટ્રાક્ટની પ્રથા ઉપર પ્રતિબંધ મુકાશે અને ખાલી પદો પર ભરતી કરાશે.

## MALLIKARJUN-SAINIK SCHOOL

કોંગ્રેસે દેશભરની સૈનિક સ્કૂલોનું કથિત રીતે ખાનગીકરણ કરવાનો કેન્દ્રની એનડીએ સરકાર સામે આક્ષેપ કરીને તેમના આ નિર્ણયની ટીકા કરી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને લખેલા એક પત્રમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્રની ખાનગીકરણ નીતી રદ કરવાની માંગણી ભંગ કરી છે. શ્રી ખડગેએ સૈનિક સ્કૂલો સાથે સમજૂતી કરાર કરવાના કેન્દ્રના પગલા સામે પ્રશ્ન ઉઠાવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, કેન્દ્ર સરકારના આ પગલાથી સૈનિક સ્કૂલોની રાષ્ટ્રીય પ્રતિમાને અસર થશે.

## PRESIDENT PM SCHOOL BUS

હરિયાણા સરકારે આજે મહેન્દ્રગઢ જીલ્લામાં સ્કૂલબસની થયેલી દુર્ઘટનાના પગલે હરિયાણા રાજયમાં ચાલતી તમામ સ્કૂલબસની ફિટનેસ ટેસ્ટ કરવા જીલ્લા શિક્ષણ અધિકારીઓને આદેશ આપ્યો છે. હરિયાણાના પરિવહન મંત્રી અસિમ ગોયલે જણાવ્યું છે કે, આ અંગેનો પરિપત્ર જાહેર કરાયો છે.

દરમ્યાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હરિયાણામાં સ્કૂલ બસ દુર્ઘટનાને લઈને શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર તેમણે કહ્યું છે કે, સ્કૂલ બસ અકસ્માતમાં ઘણા નિર્દોષ બાળકોનાં મોતના સમાચાર હૃદયદ્રાવક છે. તેમણે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોના પીડિત પરિવારોને સાંત્વના પાઠવી છે, સાથે જ ઘાયલ બાળકો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના પણ કરી છે.

તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પીડિત પરિવારોને સાંત્વના પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે ઘાયલ બાળકોના ઝડપથી સાજા થવા માટેની પ્રાર્થના કરી.

હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહે આ દુર્ઘટના અંગે ઉંડા દુખની લાગણી વ્યકત કરીને આ દુર્ઘટના માટે કસૂરવાર વ્યક્તિઓ સામે કડક પગલાં લેવાનો નિર્ધાર વ્યકત કર્યો છે.

## America Japan Cooperation

અમેરિકા અને જાપાન હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના આક્રમક અભિગમનો સાથે મળીને સામનો કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. અમેરિકાની મુલાકાતે ગયેલા જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદા અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન વચ્ચેની મુલાકાત દરમિયાન, બંને દેશોએ આ મુજબ પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. બંને દેશોએ સાથી દેશો સાથે સલામતિ, આર્થિક અને અન્ય ક્ષેત્રે સહકાર વધારવાની પણ પ્રતિબદ્ધતા જાહેર કરી છે.

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ દૈનિકના અહેવાલ મુજબ, જાપાનના પ્રધાનમંત્રીના સન્માનમાં આયોજિત ભવ્ય સમારોહમાં રાષ્ટ્રપતિ બાઇડેને કહ્યું કે અમેરિકા અને જાપાન ઓસ્ટ્રેલિયા સાથે વિસ્તૃત સંરક્ષણ જોડાણ બનાવશે. બ્રિટન સાથે ત્રિસ્તરીય સૈન્ય અભ્યાસમાં ભાગ લેશે. તેમજ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સાથે જોડાણ કરવામાં આવશે.

## EID

દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ- ઉલ- ફિત્રની ઉલ્લાસભેર અને પરંપરાગત રીતે ઉજવણી કરાઈ રહી છે.

રમઝાન માસની શરૂઆત થતાં મુસ્લિમ બિરાદરો રોઝા, નમાઝ અને ઇબાદત કરતાં હોય છે. સમગ્ર મહિના દરમિયાન ઇબાદત કર્યા બાદ ચાંદ દેખાયા બાદ રમઝાન માસની પૂર્ણાહુતી થાય છે. ઇદ-ઉલ-ફિત્ર નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ ઇદગાહ અને મસ્જિદોમાં આજે સવારે ઇદની નમાજ અદા કરી હતી અને એકબીજાને ઇદની શુભેચ્છાઓ પાઠવી હતી.

રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને ઇદની શુભેચ્છાઓ પાઠવી છે.

## CHESS CANDIDATES 2024

કેનેડાના ટોરંટોમાં ચાલી રહેલી ફિડે કેન્ડીડેટસ ચેસ સ્પર્ધાના પાંચમા રાઉન્ડના અંતે ભારતના દોમારાજુ ગુકેશ અને ઇયાન નેપોમ્નિયાચચી પ્રથમ સ્થાને છે.

ગુકેશે ગઇકાલે રમાયેલી પાંચમા રાઉન્ડની મેચમાં નિજાત અબાસોવને પરાજય આપ્યો હતો. એવી જ રીતે ભારતના પ્રજ્ઞાનંદ અને વીદીત ગુજરાતીએ પોતાના સ્પર્ધકો સાથેની મેચ ડ્રો કરી છે. પ્રજ્ઞાનંદ અને ઇયાન વચ્ચેની તેમજ વીદીત અને ફાબિઆનો વચ્ચેની મેચો ડ્રો રહી હતી.

## NHRC---RAJ,-HARYANA

રાષ્ટ્રીય માનવઅધિકાર પંચે માનવ અંગોના પ્રત્યારોપણ કૌભાંડ અંગે સમુહ પ્રચાર માધ્યમોમાં પ્રકાશિત અહેવાલોની નોંધ લઇને રાજસ્થાન અને હરિયાણાની સરકારોને નોટીસ પાઠવી છે. માનવ અધિકાર પંચે બંને રાજયોના અગ્રસચિવો અને પોલીસવડાઓને આ ઘટનાનો સંપૂર્ણ અહેવાલ ચાર સપ્તાહમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. એવી જ રીતે માનવ અંગોની તસ્કરી રોકવા શા પગલાં લેવાયા તેનો ખુલાસો પણ માંગ્યો છે. માનવઅધિકાર પંચની યાદીમાં જણાવ્યું છે કે, પ્રસાર માધ્યમોમાં પ્રકાશિત અહેવાલ મુજબ હરિયાણાના આરોગ્યવિભાગે દરોડાની કાર્યવાહી કરીને બંને રાજયોમાં થતા માનવઅંગ પ્રત્યારોપણ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ સંદર્ભમાં હરિયાણાના આરોગ્યવિભાગે એક બાંગ્લાદેશી નાગરિક અને અન્ય ચાર જણાની ધરપકડ કરી છે.

## NIA-PLFI

રાષ્ટ્રીય તપાસ સંસ્થા એનઆઇએની ટીમે પીપલ્સ લીબરેશન ફ્રન્ટ ઓફ ઇન્ડિયા – PLFI સંસ્થાને ફરીથી કાર્યરત કરવાના પ્રયાસોના આરોપસર ઝારખંડના ખુંટી જીલ્લાના નાગરિકની ધરપકડ કરી છે. એનઆઇએની સાથે ઝારખંડ અને આસામના પોલીસદળના જવાનો પણ દરોડાની કાર્યવાહીમાં જોડાયા હતા. ધરપકડ

કરાયેલ વ્યક્તિ PLFI સંસ્થાનો સભ્ય છે. તપાસસંસ્થાઓએ વિવિધ સ્થળોએ કરેલી દરોડાની કાર્યવાહીમાં PLFI સંસ્થા અંગેની વાંધાજનક સામગ્રી, બે વોકીટોકી, પાંચ મોબાઇલ ફોન અને ઘણા સિમકાર્ડ મળી આવ્યા છે. PLFI સંસ્થાના  સભ્યો સામે ઝારખંડના વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને રેલવે કોન્ટ્રાક્ટરો પાસેથી ખંડણી વસૂલવાનો આરોપ પણ છે.